## જન્મદિને વધામણી



**પ્રકાશ એચ શાહ**
પ્રમુખ, ગાંધીનગર જિલ્લા વૈષ્ણવ - વણિક સમાજ
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. : ૯૯૭૮૪ ૦૬૫૩૪



**એમ કે દલસાણિયા**
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ



**જયંતિભાઈ એસ વૈશ્ય**
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ



**મિહિર મોદી**
મો. : ૯૮૨૪૦૬૫૦૬૬

# ગૂજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે નૅશનલ રૅફરી ઍક્ઝામ યોજાઈ



## ભારતના જુદા-જુદા રાજ્યો તેમજ રેલવેઝ અને સર્વિસિસ બૉર્ડમાંથી કુલ ૭૩ તાલીમાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૪

ગૂજરાત વિદ્યાપીઠ સંલગ્ન મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરા ખાતે ગુજરાત સ્ટેટ વૉલીબૉલ ઍસોસિએશન અને વૉલીબૉલ ફૅડરેશન ઑફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે વૉલીબૉલ નૅશનલ રૅફરી એક્ઝામિનેશનનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું ઉદ્ઘાટન વ્યાયામ મહાવિદ્યાલય, સાદરાના સંયોજક ડૉ. જમનાદાસ સાવલિયાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. વૉલીબૉલ ફૅડરેશન ઑફ ઈન્ડિયાના રૅફરી બૉર્ડના ચૅરમૅન સૈયદ યુસુફે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. વીઍફઆઈ રૅફરી બૉર્ડના કન્વીનર ઍન બેનીકુનગેએ વૉલીબૉલના સૈધ્ધાંતિક તથા પ્રાયોગિક નિયમો અંગેની તાલીમ આપી હતી. ભારતના જુદા-જુદા રાજ્યો તેમજ રેલવેઝ અને સર્વિસિસ બૉર્ડમાંથી કુલ ૭૩ તાલીમાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

ગુજરાત સ્ટેટ વૉલીબૉલ ઍસોસિએશનના સૅક્રેટરી કે ઍમ મોદીએ સભા સંચાલન કર્યું હતું. કાર્યક્રમનું સફળ આયોજન ઉપપ્રમુખ ડૉ. કમલેશ પટેલે કર્યું હતું. ઉદ્ઘાટન પ્રસંગે આંતરરાષ્ટ્રીય રૅફરી ડૉ. નરેન્દ્ર ક્ષત્રિય (ગુજરાત) તથા એહઝાઝ શેખ (મહારાષ્ટ્ર)નું સન્માન કરવામાં આવ્યું હતું.



સૅક્ટર-૨૭ ખાતે કાર્યરત મહારાણા પ્રતાપ વિદ્યામંદિર નામક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલયને અન્યત્ર ખસેડવાની હિલચાલ સામે વિદ્યાર્થીઓ અને વાલીઓએ વિરોધનો સૂર ઉઠાવ્યો છે. આ બાબતે શિક્ષણ મંત્રી સમક્ષ રજૂઆત પણ કરવામાં આવી છે. ભાવિ કાર્યક્રમો અંગે અને સંગઠન માટે મંગળવારે સવારે વિદ્યાર્થીઓ, વાલીઓ શાળા ખાતે મળ્યા હતા. **(તસવીર : કશ્યપ નિમાવત)**

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૨**
મૈં ઔર ચાર્લ્સ
૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ગૂઝબમ્પ્સ (અંગ્રેજી ૩ડી)
૧૨.૩૦, ૫.૦૦, ૯.૪૫
ગૂઝબમ્પ્સ (હિન્દી ૩ડી)
૨.૪૫, ૭.૧૫

**સ્ક્રીન-૪**
શાનદાર
૧.૦૦
ગુડ્ડુ કી ગન
૪.૦૦, ૧૦.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૭.૦૦

**સ્ક્રીન-૫**
મૈં ઔર ચાર્લ્સ
૧૦.૦૦, ૧૨.૪૫
શાનદાર
૬.૪૫
પ્યાર કા પંચનામા
૩.૪૫, ૧૦.૧૫

# પ્રેરણા વિદ્યાલયની ફૅન્સિંગની ટીમ રાષ્ટ્રકક્ષાએ પસંદગી પામી

ગાંધીનગર, તા. ૪

શહેરમાં સૅક્ટર-૫ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ રાજ્યકક્ષાની અન્ડર-૧૭ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી પોતાની પસંદગી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે નિશ્ચિત કરી છે.

જરોદ, વડોદરા ખાતે તાજેતરમાં આયોજિત રાજ્યકક્ષાની ફૅન્સિંગ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં વ્યક્તિગત વિભાગમાં પ્રેરણા વિદ્યાલયનાં વિદ્યાર્થી પાર્વતી ઠાકોર અને શક્તિ ભરવાડ પ્રથમ, ભવ્ય રાણા દ્વિતિય ક્રમે તથા ત્રીજા ક્રમે અંકિતા વાઘેલા વિજયી બન્યાં હતાં.

સેબર ટીમમાં પ્રથમ ક્રમે ચેતના ચાવડા, નેહા શાહ, જૈમિની પરમાર તથા દ્વિતિય ક્રમે વિજય જાડેજા, કિશોરી ભાવિક તથા શક્તિ ભરવાડ વિજેતા બન્યાં હતાં. ઈપી ટીમમાં દ્વિતિય ક્રમે પાર્વતી ઠાકોર, અંકિતા વાઘેલા, વર્ષા રબારી તથા તૃતિય ક્રમે જયેન્દ્ર વાઘેલા, મયંક રાવલ અને ભવ્ય રાણા વિજેતા બન્યા હતા.

તમામ ખેલાડીઓનો શાળાના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા તથા આચાર્ય મનિષભાઈ ખત્રી દ્વારા સમગ્ર શાળા પરિવાર તરફથી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ ખાતે આદર્શ શિક્ષક વિષયે પ્રવચન યોજાયું

## ચારિત્ર્યની ઉત્તમ ભાવના, સતત વાચન, વહેતા જળ જેવા નીતનવા વિચારોથી સમૃધ્ધ શિક્ષક સમાજનો ઘડવૈયો છે : ડૉ. વાસુદેવ રાવલ

ગાંધીનગર, તા. ૪

બી જે મૅડિકલ કૉલેજ, અમદાવાદના વિદ્વાન વક્તા ડૉ. વાસુદેવભાઈ રાવલે ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજના શિક્ષકોને આદર્શ શિક્ષકનાં લક્ષણો વિશે મનનીય પ્રવચન આપીને પ્રેરણા પૂરી પાડી હતી.

ધરતી જેવી ધીરજ, આકાશ જેવી વિશાળ સમૃદ્ધિ, પ્રકાશ જેવી તેજસ્વિતા, જળ જેવી પ્રવાહિતા અને પારદર્શિતા, અગ્નિ જેવી જ્ઞાનભૂખ જેવી ઉપમા દ્વારા શિક્ષકની વ્યાખ્યા કરી બતાવી હતી. પંચતત્ત્વોની પૂર્તતા શિક્ષકને આદર્શ બનાવે એમ કહી ઉમેર્યું હતું કે આજના વિદ્યાર્થીની સર્જકતાને સાથ આપી પ્રેરક બળ બનવું જોઈએ. પરંતુ વિદ્યાર્થીઓ પાસેથી આપણી અપેક્ષાઓએ એના વિકાસને રૂંધી નાખી ભારવાળું ભણતર બનાવી દીધું છે. ચારિત્ર્યની ઉત્તમ ભાવના, સતત વાચન, વહેતા જળ જેવા નીતનવા વિચારોથી સમૃધ્ધ શિક્ષક સમાજનો ઘડવૈયો છે.

સૌ શિક્ષક ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહી તદન ઉચ્ચકોટિનું અને ઉપયોગી માર્ગદર્શન મેળવ્યું હતું. ડિરેક્ટર શૈલેષ પંડ્યાએ મહેમાનોનો પરિચય આપી એમના 'સાદું જીવન અને ઉચ્ચ વિચારો'વાળા વ્યક્તિત્ત્વની પ્રશંસા કરી હતી. સંસ્થાના આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણીએ સ્વાગત પ્રવચન કરી પુષ્પગુચ્છથી ડૉ. વાસુદેવભાઈ રાવલનું સન્માન કર્યું હતું. મૅનેજિંગ ટ્રસ્ટી દલસાણિયાભાઈએ સ્મૃતિ ચિહ્ન આપી મહેમાનનું સન્માન કર્યું હતું. ડિરેક્ટર જે ઍન પાઠકે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન તુષારકુમારે કર્યું હતું.

# ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રખરતા શોધ ઉત્સવમાં વિદ્યાર્થીઓનું કલા પ્રદર્શન





ગાંધીનગર, તા. ૪

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા આયોજિત 'પ્રખરતા શોધ ઉત્સવ'ના ત્રીજા દિવસે ધોરણ-૩ અને ૪ના વિદ્યાર્થીઓ દ્વારા વૈવિધ્યસભર કૃતિઓનું સર્જન, અભિવ્યક્તિ કરવામાં આવી હતી. ધોરણ-૪ની વિદ્યાર્થીની યશ્વીએ 'સ્ત્રીભૃણ હત્યા એ મહાપાપ છે' અને 'સમાજમાં દીકરીનું પણ ઘણું મહત્ત્વ છે' એ રજૂઆત કરી પ્રેક્ષકોની આંખોમાં આંસુ લાવી દીધા હતા.

ધોરણ-૩ની વિદ્યાર્થીની અનુષ્કાએ જીવનમાં સ્વચ્છતાનું અનેરું મહત્ત્વ છે એ બાબતની સમજ આપી હતી. અન્ય વિદ્યાર્થીઓએ ડાન્સ, યોગા, સ્કેટીંગ, જોકર ડન્સ પ્રસ્તુત કરી પોતાની આંતરિક શક્તિઓને અભિવ્યક્ત કરી હતી.

# ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી દ્વારા સ્વચ્છતા અંગે વિદ્યાર્થીઓને ઍવૉર્ડ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી દ્વારા નિવાસી વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગેના ઍવૉર્ડ આપવાનો એક કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. આ માટે એક કમિટીની રચના કરવામાં આવી હતી, જેણે વિજેતા ક્રમ નિશ્ચિત કર્યો હતો. ઍવૉર્ડ સમારોહમાં વિદ્યાર્થીઓને તેમના અનુભવો વહેંચવાની તક પણ આપવામાં આવી હતી.

# ટાઉનહૉલ ખાતે સરદાર પટેલ નાટકમાં ગાંધીનગરના કલાકારનો અભિનય



દીપક અંતાણી-વિજય ઠક્કર લિખિત અને દીપક અંતાણી દિગ્દર્શિત નાટક 'સરદાર પટેલ' ગાંધીનગર ટાઉનહૉલ ખાતે ભજવાયું હતું, જેમાં અમદાવાદના ખ્યાત કલાકારોની સાથે ગાંધીનગર શહેરમાં સૅક્ટર-૨ ખાતે રહેતા રોનક સુતરીયાએ પણ અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા શનિવારે સાહિત્યનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર સાહિત્ય સભા અને પ્રજ્ઞાબેન પટેલ પરિવાર દ્વારા સેવા અને સાહિત્ય અંગેના વ્યાખ્યાનનું આયોજન આગામી શનિવારે કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં સભાના પ્રમુખ ભરત કવિ અને મંત્રી મૂળજીભાઈ પરમાર, સંજય થોરાતે જણાવ્યું છે કે ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા વિવિધ સાહિત્યિક કાર્યક્રમો તથા વ્યાખ્યાનમાળા વગેરેનું આયોજન કરવામાં આવે છે. તે ક્રમમાં સાહિત્ય સભાનાં સભ્ય પ્રજ્ઞાબેન પટેલ દ્વારા તેમનાં સદ્ગત માતા-પિતા સ્વ. રેવાબહેન પટેલ તથા આત્મારામભાઈ કા પટેલ (જાણીતા સાહિત્યકાર અને સમાજસેવી, લાડોલ, જિ. મહેસાણા)ની સ્મૃતિમાં વ્યાખ્યાનમાળા માટે સહયોગ સાંપડ્યો છે.

આ વ્યાખ્યાનમાળા અંતર્ગત પ્રથમ કાર્યક્રમનું આયોજન આગામી શનિવારે સવારે ૯.૩૦ કલાકે બ્રહ્માણીકૃપા મૅમોરિયલ હૉલ, ફાર્મસી કૉલેજ બિલ્ડીંગ, સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ ખાતે કરવામાં આવ્યું છે. સુપ્રસિદ્ધ સર્જક ડૉ. કેશુભાઈ દેસાઈ દ્વારા કાર્યક્રમ અંતર્ગત 'સમાજના પરિપ્રેક્ષ્યમાં સેવા અને સાહિત્યની ભૂમિકા' વિષયે વ્યાખ્યાન પ્રસ્તુત કરવામાં આવશે.

# છાત્રાલય વ્યવસ્થાનું મહત્ત્વ સમજીએ




યુનિવર્સિટીઓ અને કૉલેજોમાં ફેરફારથી અંતરિયાળ વિસ્તારોમાંથી અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓ આવતા હોય છે. શહેર સાથે જેમને કોઈ પરિચય નથી, શાળાકીય શિક્ષણ જેમણે ગ્રામીણ વિસ્તારમાં જ લીધું હોય એવા કેટલાયે વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે શહેર તરફ આવતા હોય છે. શહેર પણ પાછું અપરિચિત હોય ત્યારે આવા વિદ્યાર્થીઓ માટે મુશ્કેલી વધી પડતી હોય છે. આવા વિદ્યાર્થીઓ માટે શહેરમાં રહેવાનો પ્રશ્ન સૌથી મોટો હોય છે. જે તે યુનિવર્સિટી અને કૉલેજોના છાત્રાલય આવા વિદ્યાર્થીઓ માટે વરદાનરૂપ સાબિત થતા હોઈ જે વિદ્યાર્થીનું શહેરમાં કોઈ જ પરિચિત હતું નથી એવા વિદ્યાર્થીઓનો શહેર સાથેનો ઘરોબો ઊભો કરવામાં આ છાત્રાલય એક સબળ માધ્યમ બની રહે છે.

ઉચ્ચ શિક્ષણ માટે છાત્રાલય એક અગત્યની બાબત હોવા છતાં છાત્રાલયની ઉપેક્ષા સતત કરવામાં આવે છે. હમણાં ગુજરાત યુનિવર્સિટીનાં છાત્રાલયો વિશે જે વિગતો બહાર આવી છે એ આઘાતજનક છે. છાત્રાલય જ રોગોનું મુખ્ય ધામ હોય એવી અસહ્ય ગંદકીમાં કેટલાય વિદ્યાર્થીઓ રહેતા હોય છે. એક વાત સમજવા જેવી છે કે છાત્રાલયમાં વિદ્યાર્થી શા માટે રહે છે? જે વિદ્યાર્થીઓની આર્થિક સ્થિતિ બહુ સારી નથી એવા વિદ્યાર્થીઓ ઓછા ખર્ચે છાત્રાલયમાં રહેવાનું પસંદ કરતા હોય છે. શ્રીમંત નબીરાઓ છાત્રાલયમાં રહેવાનું ભાગ્યે જ પસંદ કરે છે. એ તો ક્યાં શહેરમાં રૂમ રાખીને રહેશે અથવા તો પેઈંગ ગેસ્ટ તરીકે રહેશે. એટલે, આર્થિક રીતે સધ્ધર ન હોય એવા વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહેવાનું પસંદ કરે છે ત્યારે છાત્રાલયમાં જરૂરી એવી સગવડો હોવી આવશ્યક છે અને એમાં પણ વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે ચેડાં થાય એવી અવ્યવસ્થા ઊભી થાય ત્યારે વિદ્યાર્થીઓનો આક્રોશ પ્રગટ થાય એ સ્વાભાવિક છે.

ગુજરાત યુનિવર્સિટીના છાત્રાલયના ફોટોગ્રાફ્સ અખબારમાં પ્રગટ થયા હતા. આ ફોટોગ્રાફ્સ જોઈને પણ એવું થાય કે આમાં વિદ્યાર્થીઓ કઈ રીતે રહેતા હશે? માત્ર ત્યાં રહેવાનું જ નથી પણ ભોજન વ્યવસ્થા પણ એવા જ છાત્રાલયમાં હોય છે ત્યારે સવાલો જ સવાલો ઊભા થાય છે. એમ થાય કે આ છાત્રાલયોનો કોઈ ધણીધોરી નથી? છાત્રાલય એટલે એક મકાન ઊભું કરી દેવાથી વાત પૂરી થતી નથી. એ મકાન રહેવાલાયક, જમવાલાયક, સૂવાલાયક અને ભણવાલાયક પણ હોવું જોઈએ અને એ માટે એની સતત દેખરેખ પણ રાખવી જોઈએ.

સામાન્ય રીતે હવે છાત્રાલયો અસામાજિક તત્ત્વોનો આશરો પણ બનતા જાય છે. એમાં પણ કન્યા છાત્રાલયની બહારનું વાતાવરણ જુઓ તો ખ્યાલ આવશે કે પરિસ્થિતિ કેવી વણસી છે કે વણસી રહી છે. મુદ્દો કન્યા છાત્રાલયનો હોય કે કુમાર છાત્રાલયનો હોય, એ શિક્ષણનું ધામ બનવાને બદલે અનીતિનું ધામ બનતું જાય છે એ ચિંતાનો વિષય છે. આવું થવા પાછળનું કારણ છાત્રાલયોની કરવામાં આવતી ઘોર ઉપેક્ષા છે. વિદ્યાર્થીઓનો આક્રોશ ચરમસીમાએ પહોંચે નહીં ત્યાં સુધી તંત્ર જાગતું નથી. અખબારોમાં અહેવાલો પ્રગટ થાય, ફોટોગ્રાફ્સ આવે નહીં ત્યાં સુધી છાત્રાલયનું અસ્તિત્વ પ્રશ્નાર્થ ચિહ્ન હોય છે. અખબારમાં બધું આવે ત્યારે તેમને ખબર પડે કે હા, છાત્રાલય પણ છે અને પછી જે કંઈ પરિસ્થિતિ વણસે છે એ માટે ઢાંકપિછોડો શરૂ થઈ જાય. પરિસ્થિતિ વણસે નહીં ત્યાં સુધી તંત્ર જાગતું નથી. આ વાતને એમ પણ કહી શકાય કે તંત્રને જગાડવા માટે પરિસ્થિતિનું વણસવું જરૂરી છે.

આગળ કહ્યું એમ છાત્રાલય એ ઉચ્ચ શિક્ષણ માટે એક અગત્યની બાબત છે. કેટલાયે વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણનો આધાર છાત્રાલય વ્યવસ્થા ઉપર રહેલો હોય છે. જો એ વ્યવસ્થા ઊણી ઊતરે તો કેટલાયે વિદ્યાર્થીઓના ઉચ્ચ અભ્યાસ પર એની અસર પડતી હોય છે. એટલે છાત્રાલય વ્યવસ્થાનું મહત્ત્વ સમજવું આવશ્યક છે.







ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલ, માણસા ખાતે કરાટે ચૅમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિધિ ચૌધરી અને ફોરમ ચૌધરી પ્રથમ ક્રમાંકે વિજેતા બન્યા હતા. નીલ ચૌધરીને પણ ઈનામ પ્રાપ્ત થયું હતું.